સમીરકુમાર છગનભાઈ પટેલ
એપ્લીકેશન નંબર : **LM2500472387(એલ.એલ.એમ.)**
એકેડેમીક વર્ષ : ૨૦૨૫-૨૬
ઓફર નંબર : **OP25001774866 (એલ.એલ.એમ.)**
ઓફર તારીખ : ૨૧-૦૬-૨૦૨૫
અભ્યાસ : એલ.એલ.બી.(સ્નાતક),ડી.ડી.લો.કોલેજ-નવસારી,
સરનામું: રહે.૪૦૫-૪૦૬, જાગૃતિ સોસાયટી પાછળ, અંધારવાડી રોડ, મુ.પો.: વ્યારા, તા.: વ્યારા, જિલ્લો: તાપી.
તા. ૦૨/૦૬/૨૦૨૫. મો.નં. ૯૪૯૯૮૬૪૮૭૬
ઈ-મેલ : samirkumar00089@gmail.com

પ્રતિ,

(૧) ડો. કિશોરસિંહ એન. ચાવડા
વાઈસચાન્સલર,
વીરનર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી,
સુરત – ૩૯૫૦૦૭.

વિષય :- (૧) માસ્ટર ઓફ લો **(LL.M.)** ના અભ્યાસક્રમ માં **(**જનરલ કેટેગરી પુરુષ**)** એડમિશન માટે **GCAS** પોર્ટલ ના માધ્યમ થી તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ એડમીશન ઓફર નંબર : **OP25001774866** થી એડમીશન અંગેનો પત્ર મળ્યો હોવા છતાં તારીખ ૨૪/૦૬/૨૦૨૪ ના રોજ અરજદાર રૂબરૂ હાજર હોવા છતાં વી.ટી. ચોકસી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા એડમિશન આપવામાં આવેલ નથી પરંતુ તારીખ ૩૦/૦૬/૨૦૨૫ થી ૦૧/૦૭/૨૦૨૫ દરમ્યાન આ જ કોલેજમાં અરજદારથી ઓછી ટકાવારી ધરાવતા વિધાર્થી/ વિધાર્થીનીને એડમીશન આપવામાં આવેલ છે. જે અંગે ફરિયાદ બાબત.

માનનીય સાહેબ શ્રી,

સવિનય સહ જણાવવાનું કે, હું સમીરકુમાર છગનભાઈ પટેલ, એલ.એલ.બી. (સ્નાતક), ડી.ડી.લો.કોલેજ - નવસારી, જિલ્લો : નવસારી રહેવાસી : ૪૦૫-૪૦૬, જાગૃતિ સોસાયટી પાછળ, અંધારવાડી રોડ, મુ.પો.: વ્યારા, તા.: વ્યારા, જિલ્લો: તાપી.

અમો દ્વારા માસ્ટર ઓફ લો **(LL.M.)** ના અભ્યાસક્રમ માં એડમિશન મેળવવા માટે ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ના **G-CAS** પોર્ટલ ના માધ્યમ થી તારીખ : ૦૪/૦૬/૨૦૨૫ ના રોજ અરજી કરેલ હતી અને જે અરજી ક્રમાંક : **LM2500472387** છે.

અરજી ક્રમાંક : **LM2500472387** ના અનુસંધાને ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના માધ્યમથી એડમીશન અંગેના પ્રવેશ રાઉન્ડ-૨ માં અમોને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત દ્વારા માન્યતા પ્રાપ્ત વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટર ઓફ લો (**LL.M.**) માં એડમીશન માટે તારીખ ૨૧/૦૬/૨૦૨૫ ના રોજ ઓફર આપવામાં આવેલ હતી અને આ એડમીશન ઓફર નંબર : **OP25001774866** , તારીખ ૨૧/૦૬/૨૦૨૫ છે. અરજદાર તારીખ ૨૪/૦૬/૨૦૨૫ના રોજ રૂબરૂ જતા વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866**, તારીખ: ૨૧/૦૬/૨૦૨૫નો પત્ર હોવા છતાં અરજદારને એડમીશન આપવામાં આવેલ નથી. અમોની આ ફરિયાદ ના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી ભરી અરજ છે તેમજ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટરઓફ લો ( એલ.એલ.એમ ) ના અભ્યાસક્રમમાં એડમીશન મળે તે બાબતે યોગ્ય પગલા લેવા વિનંતી છે. અમોની ફરિયાદની મુદ્દાવાર રજૂઆત નીચે મુજબ છે.

<u>મુદ્દા નંબર : ૧</u>

એડમીશન ઓફર નંબર : **OP25001774866** , તારીખ ૨૧/૦૬/૨૦૨૫ સંદર્ભમાં તારીખ ૨૪/૦૬/૨૦૨૫ના રોજ અમો અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ નાઓ રૂબરૂ વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે હાજર રહી વહીવટી શાખામાં માહિતી મેળવતા જાણવા અને જોવા મળેલ કે એડમીશન ઓફર નંબર : **OP25001774866** ના અનુંસધાને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ની એલ.એલ.એમ રાઉન્ડ-૨ , રેગ્યુલર ની યાદીના સીરીયલ નંબર **(SR.NO.)** : ૧૭ **SAMIRKUMAR CHHAGANBHAI PATEL (General Category-Male )** કે જે અમોનું નામ દર્શાવવામાં આવેલ હતું. જેથી તારીખ:૨૪/૦૬/૨૫ ના રોજ અમો દ્વારા વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ની કોલેજ ખાતે અમો દ્વારા એડમીશન માટે જરૂરી તમામ ડોક્યુમેન્ટ સાથે એડમીશન ફોર્મ ભરેલ હતું.

અમોના એડમીશન ફોર્મ ના પ્રથમ પાના પર નીચે મુજબ લખવામાં આવેલ હતું.

**64.00**

**-2.00 (5 th trial)**

---

**62.00**

**Gen.R-2, Last Cut off 64.00**

વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા અમોને મૌખિક જણાવવામાં આવેલ હતું કે તમોના પાંચમા સેમેસ્ટરની ટ્રાયલના કારણે એલ.એલ.બી.ની સરેરાશ ટકાવારી ૬૪ % (ચોસઠ ટકા) માંથી ૨% (બે ટકા) માર્ક્સ (અર્થાત કુલ ૧૨ ગુણ) કાપવામાં આવેલ છે અને તમો સમીરકુમાર છગનભાઈ પટેલ ને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવામાં આવતું નથી તેમજ આ કોલેજ દ્વારા ઉક્ત ફોર્મ પર કપાત ૨% (બે ટકા) માર્ક્સ ના નિયમ બાબતે અમોને વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીનું ડીજીટલ પ્રોસ્પેકટસ, ડીસેન્ટ્રલાઈઝડ ઓનલાઈન એડમીશન (૨૦૨૫-૨૦૨૬) **(VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY,DIGITAL PROSPECTUS, DECENTRALIZED ONLINE ADMISSION (2025-2026))** ના પાના નંબર ૧૦ ની નકલ તથા તે નકલમાં દર્શાવેલ પર ક્રમાંક:૬ (છ) માં મેરીટ ગણતરી નિયમોને આધીન અમોને એડમીશન મળવાને પાત્ર નથી એમ જણાવેલ હતું. આમ ઉક્ત હકીકત જણાવી અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866**, તારીખ: ૨૧/૦૬/૨૦૨૫નો પત્ર હોવા છતાં એડમીશન આપવામાં આવેલ નથી.

<u>મુદ્દા નંબર : ૨</u>

વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીનું ડીજીટલ પ્રોસ્પેકટસ, ડીસેન્ટ્રલાઈઝડ ઓનલાઈન એડમીશન (૨૦૨૫-૨૦૨૬) ના નિયમોની પત્રિકાના પાના નંબર ૧૦ પર ક્રમાંક : ૬ માં અનુસ્નાતક ના અભ્યાસક્રમોમાં પ્રવેસ મેળવવા મેરીટ ગણતરી નીચે મુજબ ની રીતે કરવા ની સુચના આપવામાં આવેલ છે અને જે વિગત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી ની ઓફીસીયલ વેબસાઈટ પર દર્શાવવામાં આવેલ છે.

**મેરીટની ગણતરી :**

<u>“ સેમેસ્ટર પધ્ધતિવાળા વિધ્યાર્થીના કિસ્સામાં સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬ બંને માં એક કરતાં વધુ જેટલા પ્રયત્ને પરીક્ષા પાસ કરી હશે તેને આધારે દરેક પ્રયત્ન દીઠ ૦૨ ગુણ, વધુમાં વધુ ૦૬ ગુણ કપાશે. “</u>

અર્થાત અરજદાર ( વિધાર્થી/ વિધાર્થીની ) દ્વારા <u>સેમેસ્ટર-૫ અને સેમેસ્ટર-૬</u> માં પ્રતિ ટ્રાયલ દીઠ ૦૨ ગુણ (બે માર્ક્સ ) અથવા વધુમાં વધુ ૦૬ ગુણ ( છ માર્ક્સ ) કાપવાના રહેશે.

પરંતુ ઉક્ત વી.એન.એસ.જી.યુ. ડીજીટલ પ્રોસ્પેકટસ લખાણમાં લેખિત મેરીટની ગણતરી નિયમના સ્થાને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા અમોના પાંચમા સેમેસ્ટરની

ટ્રાયલના ૨(બે) ગુણ પ્રતિ ટ્રાયલ ઘટાડવાના સ્થાને ૨ % (બે ટકા) માર્ક્સ (અર્થાત કુલ ૧૨ ગુણ) ઘટાડવામાં આવેલ છે અને અમોને એડમીશન થી વંચીત રાખવામાં આવેલ છે. આમ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866,** તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નો પત્ર હોવા છતાં એડમીશન આપવામાં આવેલ નથી. અમોની આ ફરિયાદ ના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી ભરી અરજ છે તેમજ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટરઓફ લો ( એલ.એલ.એમ ) ના અભ્યાસક્રમમાં એડમીશન મળે તે બાબતે યોગ્ય પગલા લેવા વિનંતી છે.

મુદ્દા નંબર : ૩

વધુમાં જણાવવાનું કે ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) દ્વારા ઓન લાઈન ભરેલ એડમીશન ફોર્મમાં પાના નંબર ૨ માં દર્શાવેલ **Eligible U.G. Details With Semester-Wise Marks** ની ચોથી રો (લાઈન) માં અંતિમ સેમેસ્ટર અર્થાત છઠ્ઠા ( **$6^{th}$** ) નો સીટ નંબર અને અંતિમ સેમેસ્ટર છઠ્ઠા ( **$6^{th}$** ) ની ટ્રાયલની વિગત માગેલ હતી. અને અમો દ્વારા ફોર્મ માં માગેલ હકીકત જણાવેલ હતી.

પાચમાં સેમેસ્ટર ( **$5^{th}$** ) નો સીટ નંબર અને પાંચમાં સેમેસ્ટર ( **$5^{th}$**) ની ટ્રાયલની વિગત માગવામાં આવેલ નથી. આ હકીકત હોવા છતાં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત વી.એન.એસ.જી.યુ. ના નિયમનો ઉલ્લેખ કરી અમોના પાંચમાં સેમેસ્ટરની ટ્રાયલના ૨ (બે) ગુણ પ્રતિ ટ્રાયલ ઘટાડવાના સ્થાને ૨% ટકા માર્ક્સ (અર્થાત કુલ ૧૨ ગુણ ) ઘટાડવામાં આવેલ છે અને અમોને એડમીશન થી વંચીત રાખવામાં આવેલ છે. આમ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866,** તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નો પત્ર હોવા છતાં એડમીશન આપવામાં આવેલ નથી.

મુદ્દા નંબર : ૪

મુદ્દા નંબર : ૧ માં જણાવ્યા મુજબની સમગ્ર હકીકત કે જે ઉક્ત કોલેજ ખાતે બનેલ આ ઘટનાની તમામે તમામ હકીકત વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત નાઓ દ્વારા ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના સંચાલકશ્રી ને જણાવવામાં આવેલ નથી તેમજ વાઈસ ચાન્સલરશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી સુરત ને જણાવવામાં આવેલ નથી તથા ઉક્ત એડમીશન સાથે સંકળાયેલ ગુજરાત સરકારશ્રીના જવાબદાર વિભાગ ને પણ જાણ કરવામાં આવેલ નથી. આ ઉપરાંત વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866,** તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નો પત્ર

હોવા છતાં અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ ને એડમીશન આપવામાં આવેલ નથી અને અમો અરજદારનું એડમીશન રદ કરવામાં આવેલ છે તે અંગેનો કોઈ લેખિત પત્ર કોલેજ દ્વારા અમો અરજદારને આપવામાં આવેલ નથી તેમજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના સંચાલકશ્રી તથા વાઈસ ચાન્સલરશ્રી, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી સુરત ને જણાવવામાં આવેલ નથી તથા ઉક્ત એડમીશન સાથે સંકળાયેલ ગુજરાત સરકારશ્રીના જવાબદાર વિભાગ ને પણ જાણ કરવામાં આવેલ નથી. ઉક્ત અમો અરજદારનું એડમીશન વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા મુદ્દા નંબર -૧ ની ધટનાને કારણે રદ્દ કરવામાં આવેલ છે જે અંગેના કોઈપણ લેખિત પુરાવા કે જાણકારી કોલેજ દ્વારા ગુજરાત સરકારશ્રીના વિભાગને જણાવવામાં આવેલ નથી.

ઉક્ત હકીકતના કારણે ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) દ્વારા નીચે મુજબનું અર્થ ધટન કરવામાં આવે છે કે

" એપ્લીકેશન નંબર : **LM2500472387** ધરાવતા અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલને એડમીશનને ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર **(G-CAS** પોર્ટલ **)** દ્વારા વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટર ઓફ લો ના અભ્યાસક્રમ માં એડમીશન ઓફર નંબર : **OP25001774866,** તારીખ: ૨૧/૦૬/૨૦૨૫ સ્વીકારેલ છે પરંતુ ઉક્ત કોલેજ ખાતે રૂબરૂ જઈ સમીરકુમાર છગનભાઈ દ્વારા એડમીશન માટે જરૂરી તમામ ડોક્યુમેન્ટ અને ફી સાથે એડમીશન ફોર્મ ભરેલ નથી અને એડમીશન મેળવેલ નથી જેથી વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ની એલ.એલ.એમ રાઉન્ડ-૨, રેગ્યુલરની યાદીના સીરીયલ નંબર**(SR.NO.)**: ૧૭ **SAMIRKUMAR CHHAGANBHAI PATEL (General Category-Male ) (**સમીરકુમાર છગનભાઈ પટેલ **)** નું એડમીશન રદ કરવામાં આવે છે. "

<u>મુદ્દા નંબર : ૫</u>

તારીખ ૨૫/૦૬/૨૫ ના રોજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ) અનુસ્નાતક કક્ષાના પ્રોગ્રામ્સ **(PG)** ( માસ્ટર ઓફ લો- એલ.એલ.એમ.) માં પ્રવેશ પ્રક્રિયા ૨૦૨૫-૨૬ માટે પ્રથમ તબક્કાનું સુધારેલ શિડ્યુલ જાહેર કરેલ હતું અને પ્રવેશ રાઉન્ડ-૩ રદ્દ કરવામાં આવેલ હતું. ઉક્ત જાહેરાતમાં તારીખ ૨૫/૦૬/૨૦૨૫ થી તારીખ ૨૭/૦૬/૨૦૨૫ ( બપોરે ૧૨.૦૦ કલાક સુધીમાં ) દરમ્યાન અરજીમાં ભૂલો સુધારવા અને વેરીફીકેશન અંગે જણાવવામાં આવેલ હતું. પરંતુ ઉક્ત ફોર્મમાં પણ પાંચમાં સેમેસ્ટર ( **5th** ) નો સીટ નંબર અને પાંચમાં સેમેસ્ટર ( **5th**) ની ટ્રાયલની વિગત દર્શાવવા કોઈ અલગ કોલમ

દર્શાવવામાં આવેલ ન હતું. જેથી અમો દ્વારા કોઈપણ પ્રકારની સુધારા પ્રક્રિયા કરવામાં આવેલ નથી કારણ કે અમો ના એડમીશન ફોર્મ ની માગેલ માહિતી મુજબ કોઈપણ ભૂલો ન હતી. અમોનું એડમીશન ફોર્મ વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી સુરત દ્વારા આપવામાં આવેલ અમોની માર્કસીટ માં લખેલ માહિતી મુજબ જ ભરવામાં આવેલ છે.

<u>મુદ્દા નંબર : ૬</u>

તારીખ ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ) અમોના લોગીન ની ચકાસણી કરતાં અમોને નીચે મુજબની હકીકત જાણવા મળેલ હતી.

અરજી ક્રમાંક : **LM2500472387** (એલ.એલ.એમ.)ના અનુસંધાને ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના માધ્યમથી એડમીશન અંગેના પ્રવેશ રાઉન્ડ-૪ માં અમોને ૬૪ % (ચોસઠ ટકા ) ટકાવારી હોવા છતાં વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી ,સુરત દ્વારા માન્યતા પ્રાપ્ત વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટર ઓફ લો (**LL.M.**) માં એડમીશન માટે ઓફર આપવામાં આવેલ નથી પરંતુ આજ કોલેજ અર્થાત વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ( ગ્રાન્ટ ઈન એઈડ રેગ્યુલર) માં જનરલ કેટેગરી- પુરુષ (**General Category-Male** ) નું મેરીટ કટ ઓફ ૬૨.૩% ( ટકા ) છે. અર્થાત ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના માધ્યમથી એડમીશન અંગેના પ્રવેશ રાઉન્ડ-૪ માં અમો સમીરકુમાર છગનભાઈ પટેલ ના ઓના ૬૪ % (ટકા) હોવા છતાં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર આપવામાં આવેલ નથી અને ૬૨.૩% ( ટકા ) ધરાવતા વિધાર્થીને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવા અંગે ઓફર લેટર આપવામાં આવેલ છે અને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા ઉક્ત વિધાર્થી/ વિધાર્થીનીને એડમીશન આપવામાં આવેલ છે. જે હકીકત દર્શાવે છે કે અમો સાથે ઉકત એડમીશન બાબતે અન્યાય થયેલ છે. અમોની આ ફરિયાદ ના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી ભરી અરજ છે તેમજ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટરઓફ લો ( એલ.એલ.એમ ) ના અભ્યાસક્રમમાં એડમીશન મળે તે બાબતે યોગ્ય પગલા લેવા વિનંતી છે.

<u>મુદ્દા નંબર : ૭</u>

તારીખ ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ,

ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ) દ્વારા પ્રવેશ રાઉન્ડ-૪ માં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ( ગ્રાન્ટ ઈન એઈડ રેગ્યુલર) નું મેરીટ કટ ઓફ ૬૨.3% ( ટકા ) અને અમો સમીરકુમાર છગનભાઈ પટેલ ના ઓના ૬૪ % (ટકા) હોવા છતાં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવા અંગે ઓફર લેટર આપવામાં આવેલ નથી જેના કારણ અંગે પૂચ્છતા નીચે દર્શાવ્યા મુજબના કારણો જણાવેલ હતાં.

**કારણ : ૧**

" અરજી ક્રમાંક : **LM2500472387** ધરાવતા અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ નાઓ ને ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ ) ના માધ્યમથી એડમીશન અંગેના પ્રવેશ રાઉન્ડ-૨ માં એડમીશન અંગે ઓફર આપવામાં આવેલ હતી અને જે ઓફર તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નારોજ ૨૦:૧૧ કલાકે સ્વીકારેલ હતી પ્રિંટ કોપી કાઢેલ હતી. અને ઓફર સ્વીકારનાર તરીકે વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ની એલ.એલ.એમ રાઉન્ડ-૨, રેગ્યુલરની યાદીના સીરીયલ નંબર**(SR.NO.)**: ૧૭ **SAMIRKUMAR CHHAGANBHAI PATEL (General Category-Male )** માં હતાં. પરંતુ પ્રવેસ રાઉન્ડ-૨ માં એડમીશન અરજદારે ન મેળવેલ હોય અરજી ક્રમાંક : **LM2500472387** ધરાવતા અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ ને પ્રવેસ રાઉન્ડ-૪ માં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત માં માસ્ટર ઓફ લો માટે ઓફર આપવામાં આવેલ નથી. "

**કારણ : ૨**

વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા અમો " અરજી ક્રમાંક : **LM2500472387** ધરાવતા અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ નાઓના " પાંચમા સેમેસ્ટરની ટ્રાયલના કારણે એલ.એલ.બી.ની સરેરાશ ટકાવારી ૬૪ % (ચોસઠ ટકા) માંથી ૨% (બે ટકા) માર્ક્સ (અર્થાત કુલ ૧૨ ગુણ) કાપવામાં આવેલ છે અને જેથી જ તારીખ ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર( **G-CAS** પોર્ટલ ) દ્વારા પ્રવેશ રાઉન્ડ-૪ માં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ( ગ્રાન્ટ ઈન એઈડ રેગ્યુલર) નું મેરીટ કટ ઓફ ૬૨.3% ( ટકા ) અને અમો સમીરકુમાર છગનભાઈ પટેલ ના ઓના ૬૪ % (ટકા) હોવા છતાં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવા અંગે ઓફર લેટર આપવામાં આવેલ નથી અને તમો સમીરકુમાર છગનભાઈ પટેલ ને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવામાં આવતું નથી.

પરંતુ વાસ્તવિક હકીકત એ છે કે " વી.એન.એસ.જી.યુ. ડીજીટલ પ્રોસ્પેકટસ લખાણમાં

લેખિત મેરીટની ગણતરી નિયમના સ્થાને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત દ્વારા અમોના પાંચમા સેમેસ્ટરની ટ્રાયલના ૨(બે) ગુણ પ્રતિ ટ્રાયલ ઘટાડવાના સ્થાને ૨ % (બે ટકા) માર્ક્સ (અર્થાત કુલ ૧૨ ગુણ) ઘટાડવામાં આવેલ છે અને અમોને એડમીશન થી વંચીત રાખવામાં આવેલ છે. આમ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન ઓફર નંબર : **OP25001774866**, તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નો પત્ર હોવા છતાં એડમીશન આપવામાં આવેલ નથી. અમોની આ ફરિયાદ ના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી ભરી અરજ છે તેમજ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટરઓફ લો ( એલ.એલ.એમ ) ના અભ્યાસક્રમમાં એડમીશન મળે તે બાબતે યોગ્ય પગલા લેવા વિનંતી છે.

<u>મુદ્દા નંબર : ૮</u>

તારીખ ૩૦/૦૬/૨૦૨૫ ના રોજ ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ) દ્વારા પ્રવેશ રાઉન્ડ-૪ માં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ( ગ્રાન્ટ ઈન એઈડ રેગ્યુલર) નું મેરીટ કટ ઓફ ૬૨.૩% ( ટકા ) અને અમો સમીરકુમાર છગનભાઈ પટેલ ના ઓના ૬૪ % (ટકા) હોવા છતાં વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે એડમીશન આપવા અંગે ઓફર લેટર આપવામાં આવેલ નથી તેમજ એડમીશન બાબત ઓફર લેટર ન આપવા અંગે અમો અરજદારને ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર ( **G-CAS** પોર્ટલ) દ્વારા અથવા વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત અથવા વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી ,સુરત દ્વારા કોઈ જ લેખિતમાં કારણ જણાવવામાં આવેલ નથી.

આમ માસ્ટર ઓફ લો (**LL.M.**) ના અભ્યાસક્રમ માં ( જનરલ કેટેગરી પુરુષ ) એડમિશન માટે તારીખ ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ અમો અરજદાર સમીરકુમાર છગનભાઈ પટેલ ને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે **GCAS** પોર્ટલ ના માધ્યમ થી મળેલ એડમીશન ઓફર નંબર : **OP25001774866**, તારીખ ૨૧/૦૬/૨૦૨૫ નો પત્ર અને ૬૪ % (ટકા) ટકાવારી હોવા છતાં એડમીશન આપવામાં આવેલ નથી. પરંતુ તારીખ ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ અમો અરજદારથી ઓછા ટકાવારી ૬૨.૩ % (ટકા) (પ્રવેસ રાઉન્ડ–૪ નું કટ-ઓફ મેરીટ) ધરાવનાર વિધાર્થી/વિધાર્થીનીને એડમીશન આપવામાં આવેલ છે. એડમીશન બાબતે અમો અરજદાર સાથે અન્યાય થયેલ છે. અમો અરજદાર માસ્ટર ઓફ લો ( એલ.એલ.એમ.) ના અભ્યાસ માટે લાયકાત ધરાવતા હોવા છતાં અમોને ઉક્ત એડમીશન આપવામાં આવેલ નથી. અમો અરજદાર

સમીરકુમાર છગનભાઈ પટેલની આ ફરિયાદના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી ભરી અરજ છે તેમજ અમોને વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે માસ્ટરઓફ લો **(** એલ.એલ.એમ **)** ના અભ્યાસક્રમમાં એડમીશન મળે તે બાબતે યોગ્ય પગલા લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**(**સમીરકુમાર છગનભાઈ પટેલ**)**

અરજદાર

<u>બિડાણ :</u> **(૧)** રૂ.૩૦૦/- ની ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર**( G-CAS** પોર્ટલ**)** દ્વારા આપવામાં આવેલ ઓનલાઈન પેમેન્ટ ની રસીદ ની નકલ

**( Payment Reference No : AFON25060400590599, Transaction Date : 04/06/2025 3:11 PM)**

**(૨)** ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના **G-CAS** પોર્ટલના માધ્યમથી અરજદાર દ્વારા કરેલ અરજીની નકલ

**(Student Application Form - LL.M Phase 1, Application No: LM2500472387 Final Submit Date : 05/06/2025 )**

**(૩)** ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના **G-CAS** પોર્ટલના માધ્યમથી અરજદાર ને આપવામાં આવેલ એડમીશન ઓફર ડીટલ ના પત્રની નકલ.

**( Offer No – OP25001774866 Offer Date: 21/06/2025 Valid Till Date : 24/06/2025 )**

**(૪)** વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત, માસ્ટર ઓફ લો **(** એલ.એલ.એમ. **)** પ્રવેશ રાઉન્ડ-૨ રેગ્યુલર, તારીખ : ૨૩-૦૬-૨૦૨૫ થી ૨૪-૦૬-૨૦૨૫ દરમ્યાન એડમીશનની ઓફર મેળવેલ વિધાર્થીઓની યાદી ના સીરીયલ નંબર **(SR.NO.)** : ૧૭ **SAMIRKUMAR CHHAGANBHAI PATEL (General Category-Male )** કે જે અમોનું નામ દર્શાવવામાં આવેલ હતું જેની નકલ.

| | | |
|---|---|---|
| | (૫) | તારીખ ૨૪/૦૬/૨૦૨૫ના રોજ અરજદાર દ્વારા વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત ખાતે અરજદાર દ્વારા રજૂ કરવામાં આવેલ એપ્લીકેશન ફોર્મ ફોર એડમીશન અને ફોર્મ સાથે બિડાણ કરેલ તમામ ડોક્યુમેન્ટની નકલ. |
| | (૬) | વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટીનું ડીજીટલ પ્રોસ્પેકટસ, ડીસેન્ટ્રલાઈઝડ ઓનલાઈન એડમીશન (૨૦૨૫-૨૦૨૬) **(VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY,DIGITAL PROSPECTUS, DECENTRALIZED ONLINE ADMISSION (2025-2026))** કે જેની નકલ તારીખ ૨૪/૦૬/૨૦૨૫ ના રોજ વી.ટી.ચોક્સી લો કોલેજ-સુરત દ્વારા આપવામાં આવેલ હતી અને જેના પાના નંબર ૧૦ માં દર્શાવેલ નિયમને આધિન અમોનું એડમીશન રદ કરવામાં આવેલ હતું. |
| | | |
| | | **ફરિયાદના અનુંસધાને યોગ્ય કાર્યવાહી કરવા સવિનય નકલ રવાના :** |
| | | |
| પ્રતિ શ્રી, | | |
| | (૧) | સંચાલક શ્રી, ગુજરાત કોમન એડમીશન સર્વિસ, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર( G-CAS પોર્ટલ) |
| | (૨) | હેડ ઓફ ધી ડીપાર્ટમેન્ટ, ડીપાર્ટમેન્ટ ઓફ લો, વીર નર્મદ સાઉથ ગુજરાત યુનીવર્સીટી, સુરત. |
| | (3) | પ્રિન્સીપાલ શ્રી, વી.ટી.ચોક્સી સાર્વજનીક લો કોલેજ, સુરત |